પાટનગરનું પોતાનું અખબાર

# ગાંધીનગર સમાચાર


Gandhinagar વર્ષ : (૩૨) અંક નં. ૧૭૯ | ૮ સપ્ટેમ્બર, ૨૦૧૭, શુક્રવાર ; ભાદરવા વદ - ૨ | પાનાં - ૮ કિંમત રૂ. ૧.૮૦

## ન્યુઝ ટ્રેક

### અમેરિકા ભારતને યુધ્ધ વિમાનો વેચશે

અમેરિકાની ટ્રમ્પ સરકારે એફ-૧૮ અને એફ-૧૬ યુધ્ધ વિમાનો ભારતને વેચવાનો નિર્ણય કર્યો છે. અમેરિકાએ ભારતને ખતરનાક પાડોશીઓથી ઘેરાયેલો દેશ ગણાવ્યો છે.

### સીબીઆઈનું લાલુ-તેજસ્વીને સમન્સ



આરજેડીના સુપ્રિમો લાલુ યાદવ અને તેમના પુત્ર તેજસ્વી યાદવને પુછપરછ માટે સીબીઆઈએ સમન્સ પાઠવ્યો છે. રેલવે હોટલના ટેન્ડરમાં અનિયમિતતાના મુદ્દે અગાઉ નોટીસ મોકલાવાઈ હતી જેના અનુસંધાને ૧૧મીએ લાલુ યાદવ અને ૧૨મીએ તેજસ્વી યાદવને પુછપરછ માટે બોલાવાયા છે.

### બિહારમાં પત્રકાર પર ગોળી ચલાવાઈ

બિહારના અરવલ્લી જિલ્લાના રાષ્ટ્રીય સહારાના વરિષ્ઠ પત્રકાર પંકજ મિશ્રા પર કોઈ અજાણ્યા શખ્સોએ ગોળી ચલાવી હતી. ઈજાગ્રસ્ત મિશ્રાને તાત્કાલિક હોસ્પિટલ ખસેડવામાં આવ્યો હતો.

### ગોવામાં બે વિદ્યાર્થીઓ દરિયામાં ડુબ્યા

અમદાવાદની જાણીતી સંસ્થા માઈકાના બે વિદ્યાર્થીઓ ગોવામાં દરિયામાં ડુબી ગયા છે.

# મુંબઈ બ્લાસ્ટ કેસમાં અબુ સાલેમને ઉંમરકેદ, તાહિર-ફિરોઝને ફાંસી

**મુંબઈ બ્લાસ્ટના ૨૪ વર્ષ બાદ ટાડા કોર્ટ દ્વારા કઠોર સજા : સજા ફટકારવામાં આવ્યા બાદ ગેંગસ્ટર અબુ સાલેમ રડી પડ્યો : બે લાખ રૂપિયાનો દંડ પણ ફટકારાયો : કરીમુલ્લાને પણ આજીવન કારાવાસની સજા**

મુંબઈ,તા. ૭

દેશના વાણિજ્ય પાટનગર



મુંબઈને હચમચાવી મુકનાર સિરિયલ બોંબ બ્લાસ્ટ કેસમાં મુંબઈની ટાડાની ખાસ અદાલતે અન્ડરવર્લ્ડ ડોન અબુ સાલેમને આજે આજીવન કારાવાસની સજા ફટકારી હતી. સજા સાંભળ્યા બાદ કોર્ટમાં અબુ સાલેમ રડી પડ્યો હતો. અબુ સાલેમ ઉપર બે લાખ રૂપિયાનો દંડ પણ ફટકારવામાં આવ્યો છેજ્યારે અબુ સાલેમના નજીકના સાગરિત મોહમ્મદ તારિહ મર્ચન્ટ અને ફિરોઝ અબ્દુલ રશીદખાનને ફાંસીની સજા ફટકારવામાં આવી હતી. કોર્ટે કરીમુલ્લા ખાનને આજીવન કારાવાસની સજા ફટકારી હતી. તેના ઉપર બે લાખ રૂપિયાનો દંડ પણ ફટકાર્યો હતો. જો કરીમુલ્લા આ દંડની રકમ ચુકવવામાં નિષ્ફળ રહેશે તો તેને જેલમાં વધુ બે વર્ષની સજા ગાળવી પડશે. રિયાઝ સિદ્દીકીને ૧૦ વર્ષની સજા ફટકારી હતી. કોર્ટના ચુકાદા બાદ ખાસ સરકારી વકીલ અને વરિષ્ઠ પ્રવક્તા ઉજ્જવલ નિકમે કહ્યું હતું કે, અબુ સાલેમને આજીવન કારાવાસની સજા ફટકારવામાં આવી છે. અબુ સાલેમ પહેલાથી જ ૧૨ વર્ષ જેલમાં ગાળી ચુક્યો છે. આવી સ્થિતિમાં ભારત અને પોર્ટુગલ મળીને નક્કી કરશે કે અબુ સાલેમને જેલમાં વધુ કેટલો સમય ગાળવો પડશે. બીજા અપરાધી જેલમાં જેટલી સજા ગાળી ચુક્યા છે. તેમની સજામાં આ ગાળો ઘટાડી દેવામાં આવશે.

● અનુસંધાન પાન-૭ પર

# પંચકુલામાં હિંસા ભડકાવવા ૫ કરોડ ખર્ચાયા

**હિંસાની તપાસ કરી રહેલી એસઆઈટી દ્વારા ઘટસ્ફોટ**

પંચકુલા,તા. ૭

ડેરા પ્રમુખ ગુરમિત રામ રહીમને દોષિત જાહેર કરવામાં આવ્યા બાદ હિંસાની તપાસ કરી રહેલી ખાસ તપાસ ટીમ દ્વારા મોટો ખુલાસો કરવામાં આવ્યો છે. પંચકુલા હિંસામાં ડેરા સચ્ચા સૌદા સાથે જોડાયેલા આદિત્ય ઈન્સા, હનીપ્રિત ઈન્સા અને સુરેન્દ્ર ઈન્સા સામેલ હોવાની બાબત સપાટી ઉપર આવી રહી છે.

એસઆઈટી દ્વારા માહિતી આપવામાં આવી છે કે, રેપના મામલામાં સીબીઆઈ કોર્ટ દ્વારા રામ રહીમને અપરાધી જાહેર કરવામાં આવ્યા બાદ ડેરાએ હિંસા ભડકાવવા માટે પાંચ કરોડ રૂપિયા ખર્ચ કર્યા હતા. તપાસમાં આ બાબત પણ સપાટી ઉપર આવી છે કે, ડેરાની પંચકુલા શાખાના હેડ ચંપોરસિંહને ડેરા મેનેજમેન્ટે પૈસા ખર્ચ કરવા માટેની જવાબદારી સોંપી હતી. પંજાબમાં મોહાલી જિલ્લાના ઢકોલી ગામના નિવાસી ચંપોર દેશદ્રોહનો કેસ દાખલ થયા બાદ પોતાના પરિવાર સાથે ફરાર છે. પંજાબ અને હરિયાણા હાઈકોર્ટના આદેશ બાદ તેની સામે ૨૮મી ઓગસ્ટના દિવસે દેશદ્રોહનો કેસ દાખલ કરવામાં આવ્યો હતો. એસઆઈટીની તપાસ મુજબ પંચકુલા ઉપરાંત પંજાબના અનેક વિસ્તારોમાં પણ સીબીઆઈ કોર્ટના ચુકાદા બાદ લોકોને ઉશ્કેરવા માટે ડેરા દ્વારા નાણા ખર્ચ કરવામાં આવ્યા હતા. ડેરાના સમર્થકને વિશ્વાસ થઈ ગયો હતો કે, હિંસા દરમિયાન મૃત્યુ થવાની સ્થિતિમાં તેમના પરિવારના સભ્યોને આર્થિક મદદ પણ કરવામાં આવશે. હરિયાણા ડીજીપી બીએસ સંધુનું કહેવું છે કે, ચંપોરની ધરપકડ બાદ વધુ વિગત સપાટી ઉપર આવી શકશે. અમારી ટીમ તેના છુટી જવાના સ્થળ

● અનુસંધાન પાન-૭ પર

# રેલ દુર્ઘટનાનો સીલસીલો યથાવત એક જ દિવસમાં ત્રણ રેલ દુર્ઘટના

**મહારાષ્ટ્રના ખંડાલામાં માલગાડીના બે ડબ્બા ખડી પડ્યા : રાંચી-દિલ્હી વચ્ચેની રાજધાની એક્સપ્રેસના બે ડબ્બા ખડ્યા : ઉત્તર પ્રદેશના સોનભદ્ર પાસે શક્તિપુંજ ટ્રેનના સાત ડબ્બા ખડી પડ્યા : જાનમાલનુ નુકસાન ટળતા તંત્રને રાહત**





નવી દિલ્હી,તા. ૭

એક જ દિવસમાં દેશમાં ત્રણ રેલ દુર્ઘટના સર્જાઈ હતી. મહારાષ્ટ્રના ખંડાલામાં માલગાડીના બે ડબ્બા ખડી પડયા હતા. બપોરે રાંચી-દિલ્હી વચ્ચેની રાજધાની એકસપ્રેસના બે ડબ્બા ખડી પડયા અને યુપીના સોલભદ્ર નજીક શકિતપુંજ એકસપ્રેસના સાત ડબ્બા ખડી પડયા. જો કે ત્રણેય દુર્ઘટનામાં કોઈ જાનહાનીના સમાચાર નથી.

દેશમાં ટ્રેન અકસ્માતોનો સિલસિલો યથાવતરીતે જારી રહ્યો છે. આજે સવારે વધુ એક ટ્રેન દુર્ઘટનાગ્રસ્ત થતા રેલવે તંત્રમાં ભારે ભાગદોડ મચી ગઈઉ હતી. આજે સવારે ઉત્તરપ્રદેશનના સોનભદ્ર માં ઓબરા પાસે શક્તિપુંજ એક્સપ્રેસ ટ્રેનના સાત કોચ પાટા પરથી ખડી પડ્યા હતા. જો કે આ અકસ્માતમાં જાનમાલનુ નુકસાન ટળી જતા તંત્રને રાહત થઈ છે. રેલવે તંત્રની હાલમાં થઈ રહેલા અકસ્માતોના કારણે વ્યાપક ટિકા થઈ રહી છે. આટ્રેન હાવડાથી જબલપુર તરફ જઈ રહી હતી. મધ્યપૂર્વ રેલવેના ધનબાદ ડિવીઝનના ચોપન સિંગરોલી રેલ ખંડ પર થયેલા અકસ્માતના સંબંધમાં વધારે માહિતી તરત હાથ લાગી ન હતી. છેલ્લા એક મહિનાના ગાળામાં જ ઉત્તરપ્રદેશમાં આ ત્રીજી ટ્રેન દુર્ઘટના છે. આ અગાઉ ઉત્તરપ્રદેશમાં ૧૯મી ઓગષ્ટ અને ૨૩મી ઓગષ્ટના દિવસે બે ટ્રેન દુર્ઘટના થઈ હતી. જેના કારણે રેલવે તંત્રની વ્યાપક ટિકા થઈ હતી. અત્રે ઉલ્લેખનીય છે કે ઉત્તરપ્રદેશના ઔરેયા જિલ્લામાં ૨૩મી ઓગષ્ટના દિવસે સવારે આઝમગઢથી દિલ્હી તરફ જનાર કેફિયત એક્સપ્રેસ ડમ્પર સાથે ટકરાઈને પાટા પરથી ખડી પડતા ઓછામાં ઓછા ૮૦ લોકોને ઈજા થઈ હતી. આ બનાવમાં ૧૨ ડબ્બા પાટા પરથી ખડી પડ્યા હતા. ડમ્પર સાથે ટ્રેન ટકરાઈ ગઈ હતીજયારે તે પહેલા ૧૯મી ઓગષ્ટના દિવસે મુઝફ્ફર જિલ્લાના ખટોલીમાં કાલિંગ-ઉત્કલ એક્સપ્રેસ દુર્ઘટનાગ્રસ્ત થઈ જતાં ૨૬ના મોત થયા હતા અને ૨૦૦થી વધુ લોકો ઘાયલ થયા હતા. ઉત્કલ એક્સપ્રેસ બનાવમાં પણ લાપરવાહીની બાબત સપાટી ઉપર આવી હતી. આ બનાવમાં ૧૪ કોચ પાટા પરથી ખડી પડ્યા હતા.

# ડ્રાઈવિંગ કરતી વખતે મોબાઈલ ફોન પર વાત કરતા વર્ષમાં ૨૧૦૦થી વધુના મોત



ન્યુ દિલ્હી,તા.૭

ટુ-વ્હિલર ચલાવતી વખતે મોબાઈલ ફોનનો યુઝ કરવો જિંદગી માટે ઘાતક પુરવાર થઈ શકે છે. મિનિસ્ટ્રી ઓફ ટ્રાંસપોર્ટ દ્વારા એક રિપોર્ટમાં ખુલાસો કરાયો છે કે ટુ-વ્હિલર ચલાવતી વખતે મોબાઈલનો ઉપયોગ કરવાના ઘાતક પરિણામ સ્વરુપ આ વર્ષ ૨૧૩૮ લોકોએ જીવ ગુમાવ્યો છે. આ સિવાય સ્પીડ બ્રેકર, નિર્માણાધીન રસ્તા અને ખાડાઓને કારણે દરરોજ લગભગ ૨૬ લોકો જીવ ગુમાવે છે.

રિપોર્ટ અનુસાર સડક દુર્ઘટનાઓમાં થતા મૃત્યુના સૌથી પ્રમુખ કારણમાંથી એક છે ડ્રાઈવીંગ કરતા વખતે મોબાઈલ ફોનનો ઉપયોગ. આવી રીતે થયેલા મૃત્યુમાં સૌથી વધારે મૃત્યુ ઉત્તરપ્રદેશમાં નોંધાઈ છે. ત્યારબાદ હરિયાણાનો નંબર આવે છે. દિલ્હીમાં ગયા વર્ષે આ કારણે ૨ લોકોનુ મૃત્યુ થયું હતું. મહારાષ્ટ્રમાં આ આંકડો ૧૭૨ હતો. નોંધનીય છે કે પરિવહન મંત્રાલયે પ્રથમ વખત આ પ્રકારે ડેટાનું એકત્રીકરણ કર્યુ છે.

**Wanted Teachers**

For Primary & Secondary Sections as per the qualification mentioned below:

| Maths / Science | Language Teachers | English/S.S Teachers |
|---|---|---|
| B.Sc. / M.Sc., B.Ed, P.T.C | Gujarati, Hindi & Sanskrit, B.A./M.A., B.Ed., P.T.C. | B.A. / M.A., B.Ed, P.T.C |
| | | Clerk B.Com/M.Com |

Walk in interview on date: 9th September 2017 • Time: 9 am to 12 pm at: Tapovan Vatsalyadham English Medium Day School, At - Amiyapur, Nr. Sabarmati to Koba Highway, Tapovan Circle, Ahmedabad-382424

Send CVs to: Devarpitasso@gmail.com • Call: 99987 37068

ROOPKALA

The silver shop

માત્ર ચાંદીનો શો-રૂમ

199, District Shopping Center, Nr. Bank of Baroda, Sector - 21, Gandhinagar, Ph.232 48225

તમામ ક્રેડીટ / ડેબીટ કાર્ડ આવકાર્ય

# જો પાકિસ્તાન નહીં સુધરે તો ફરીથી સર્જિકલ સ્ટ્રાઈકની સેનાની ચેતવણી

**નોર્થન કમાન્ડના જનરલ ઓફિસર કમાન્ડર ઇન્ચાર્જની ચેતવણી : ભારતીય સેના જ્યારે ઇચ્છે ત્યારે અંકુશરેખા પાર કરીને હુમલાઓ કરવાની સ્થિતિ હોવાનો દાવો**

નવી દિલ્હી,તા.૭

પાકિસ્તાન તરફથી ત્રાસવાદી ઘુસણખોરી અને યુદ્ધવિરામના સતત ભંગને લઈને નારાજગી વ્યક્ત કરતા ભારતના એક ટોપના સૈન્ય અધિકારીએ ફરી એકવાર ચેતવણી આપી છે. નોર્ધન કમાન્ડના જનરલ ઓફિસર કમાન્ડ ઈન્ચાર્જ (જીઓસી) લેફ્ટી. જનરલ દેવરાજ અન્બુએ કહ્યુ છે કે જો પાકિસ્તાન હવે સુધરશે નહી તો ફરી એકવાર સર્જિકલ હુમલા કરવામાં આવનાર છે. પાકિસ્તાનની સામે થોડાક સમય પહેલા જ સર્જિકલ હુમલા કરવામાં આવ્યા હતા. એક પત્રકાર પરિષદને સંબોધતા દેવરાજે કહ્યુ હતુ કે સર્જિકલ સ્ટ્રાઈક કરીને અમે દર્શાવી ચુક્યા છીએ કે લાઈન ઓફ કન્ટ્રોલ કોઈ એવી લાઈન નથી જેને પાર કરી શકાય નહી.

જ્યારે પણ અમે ઈચ્છીશુ ત્યારે તેને પાર કરીને હુમલા કરી શકીશુ. ટેરર ફંડિંગ કેસમાં અલગતાવાદી નમેતાઓ પર એનાઈએના એક્શન પર વાત કરતા તેમણે કહ્યુ હતુ કે કાર્યવાહી બાદ ખીણમાં પથ્થરબાજીની ઘટનામાં સતત ઘટાડો થઈ રહ્યો છે. જો કે તેમણે કબુલાત કરી હતી કે એલઓસી નજીક જોડાયેલા વિસ્તારમાં હજુ પણ ત્રાસવાદી કેમ્પ છે. ત્રાસવાદી લોંચ પેડ અને કેમ્પોમાં હવે વધારો થયો છે. તેમણે કહ્યુ હતુ કે પીર પંજાલના દક્ષિણ અને ઉત્તરમાં મોટા પાયે ત્રાસવાદી કેમ્પ અને લોંચ પેડ રહેલા છે. તેમની સંખ્યામાં ઘટાડો થયો નથી. જીઓસીએ એમ પણ કહ્યુ હતુ કે ગયા વર્ષે સપ્ટેમ્બરમાં એલઓસી પાર કરીને સર્જિકલ હુમલાને અંજામ

● અનુસંધાન પાન-૭ પર

# ડોકલામમાં ભારત અને ચીનની સેના માત્ર ૧૫૦-૧૫૦ મીટર જ હટી

ન્યુ દિલ્હી,તા.૭

ડોકલામમાં ભારત અને ચીનની સેના માત્ર ૧૫૦-૧૫૦ મીટર જ પાછી ખસી છે. વિદેશ મંત્રાલયના અહેવાલ મુજબ બંને દેશોની સેના તેમના તંબુઓ અને માર્ગ નિર્માણની સામગ્રી સાથે વિવાદાસ્પદ સ્થળથી પાછી ખસી છે. જોકે બંને દેશોની સેનાએ ફક્ત ૧૫૦ મીટર જ પીછેહઠ કરી છે. સત્તાવાર સૂત્રોના જણાવ્યા અનુસાર ડોકલામમાંથી સેનાની પીછેહઠની રાજદ્વારી મંત્રણા બૈજિંગમાં યોજાઈ હતી. ભારતીય પ્રતિનિધિમંડળના વડા ચીનમાં ભારતના રાજદૂત વિજય ગોખલે હતાં. ત્યારપછી નાથુ લામાં તૈનાત બ્રિગેડિયરને ૨૬ ઓગસ્ટે અંતિમ પ્રસ્તાવ પાઠવવામાં આવ્યો હતો અને બ્રિગેડિયરે તે પછી ચીનની સેનાના અધિકારી સાથે મળી બંને બાજુએથી સેનાની પીછેહઠ માટેની કાર્યવાહી શરૂ કરી હતી. ભારતના વિદેશ મંત્રાલયે ૨૮ ઓગસ્ટે આ સંદર્ભમાં નિવદેન જારી કર્યું હતું. બંને દેશોની સેનાઓ વિવાદાસ્પદ સ્થળથી એક સાથે પીછેહઠ કરશે તેવી સમજૂતી સધાઈ હતી. ભારતના જવાનો તંબુઓ અને બુલડોઝર સાથે ભૂતાનની સીમાથી ૪૦૦ મીટર અંદર જતા રહ્યા હતાં. ત્યારબાદ ચીનની સેનાને પાછળ જવાનું હતું.

# રાજનાથસિંહ સુધરેલી સ્થિતિની સમીક્ષા કરવા ૯મીથી કાશ્મીર યાત્રાએ જશે

નવી દિલ્હી,તા. ૭

કેન્દ્રીય ગૃહમંત્રી રાજનાથસિંહ ૯મી સપ્ટેમ્બરથી જમ્મુ કાશ્મીર ત્રણ દિવસની યાત્રા જઈ રહ્યા છે. જમ્મુ કાશ્મીરથી તેમની હાઈ પ્રોફાઈલ યાત્રાને ખુબ મહત્વપૂર્ણ ગણવામાં આવે છે. આ યાત્રા દરમિયાન રાજનાથસિંહ જમ્મુ કાશ્મીરમાં હાલમાંપ્રવર્તી રહેલી સ્થિતિની સમીક્ષા કરશે. રાજનાથસિંહ ટોચના અધિકારીઓ અને નેતાઓની સાથે સાથે સંરક્ષણ દળોના વડાઓ સાથે પણ વાતચીત કરશે. જમ્મુ કાશ્મીરમાં સ્થિતિમાં છેલ્લા ઘણા સમયથી ઉલ્લેખનીય સુધારો થઈ રહ્યો છે. એનઆઈએ દ્વારા ટેરર ફંડિંગના મામલામાં ઉંડી તપાસ કરવામાં આવી રહી છે. વ્યાપક દરોડા પાડવામાં આવી રહ્યા છે. આના ભાગરુપે જ ગઈકાલે જમ્મુ કાશ્મીર અને દિલ્હીમાં ૧૬ સ્થળોએ દરોડા પાડવામાં આવ્યા હતા અને હવાલા કારોબારીઓને સકંજામાં લેવાના પ્રયાસ કરવામાં આવ્યા હતા. બીજી બાજુ અલગતાવાદી લીડરોમાં હાલમાં ખળભળાટ મચી ગયો છે. કારણ કે તેમની આકરી પુછપરછ કરવામાં આવી રહી છે. એનઆઈએ દ્વારા તેમના નાણાંના સોર્સના સંદર્ભમાં માહિતી મેળવી લીધી છે.

## નવા સંરક્ષણ મંત્રી તરીકે નિર્મલા સિતારામે કાર્યભાર સંભાળ્યો

ન્યુ દિલ્હી,તા.૭

નિર્મલા સીતારામે સંરક્ષણ મંત્રી તરીકે આજે પદ સંભાળ્યું. કેબિનેટ ફેરબદલમાં વડાપ્રધાન નરેન્દ્ર મોદીએ નિર્મલા સિતારમણને આ મિનિસ્ટ્રી સોંપી હતી. પદ સંભાળતાની સાથે જ મિનિસ્ટ્રી ઓફ ડિફેન્સનું ટ્વિટર અકાઉન્ટ પણ બનાવવામાં આવ્યું છે.

# સરકાર બ્લુ વ્હેલ ગેમની લિંક મોકલનાર વિશે માહિતી આપનારને એક લાખનું ઈનામ આપશે

**બ્લૂ વ્હેલ ગેમ સર્ચ કરવામાં સુરત રાજ્યમાં પ્રથમ નંબરે, લિંક મોકલશો તો થશે જેલ**

ગાંધીનગર,તા.૭

બ્લુ વ્હેલ ગેમ પર પ્રતિબંધ બાદ તેની લિંક મોકલનાર વિશે માહિતી આપનારને એક લાખના ઈનામની જાહેરાત સરકાર દ્વારા કરવામાં આવી છે. બ્લુ વહેલ ગેમ ઉપર પ્રતિબંધ ફરમાવતુ જાહેરનામું પણ બહાર પાડવામાં આવ્યુ છે. લિંક મોકલનારને આપઘાત માટે પ્રેરિત કરવા માટે દોષિત માનવામાં આવશે અને આઈટી એક્ટ હેઠળ ગુનો નોંધી સજા ફરમાવાળે. વિશ્વભરમાં બ્લૂ વ્હેલ ગેમના કારણે અત્યાર સુધીમાં ૧૦૦થી વધારે લોકોના મોત થયા છે. ભારતમાં પણ આ ગેમને કારણે આપઘાત થયાનું જાણવા મળ્યું છે. જોકે કેન્દ્ર સરકાર અને ગુજરાત સરકાર દ્વારા ગેમ પર પ્રતિબંધ મુકવા છતાં રાજ્યમાં બ્લૂ વ્હેલ ગેમ સર્ચ કરવામાં ગુજરાત પ્રથમ ક્રમે આવે છે. આ મુદ્દે સુરત જિલ્લા કલેક્ટર મહેન્દ્ર પટેલે જાહેરનામું પ્રસિધ્ધ કરી પ્રતિબંધ ફરમાવ્યો છે. જાહેરનામાં અનુસાર, બ્લૂ વ્હેલ ગેમ બ્લૂ વ્હેલ ચેલેન્જ

● અનુસંધાન પાન-૭ પર

**ધી ગાંધીનગર નાગરિક કો-ઓપરેટીવ બેન્ક લિ.,**

**પ્લોટ નં.-૩૯૧, ઘ-૪।।, સેક્ટર-૧૬, ગાંધીનગર**

**વાર્ષિક સાધારણ સભા અંગેની નોટીસ**

આથી બેન્કના સર્વે સભાસદશ્રીઓને જણાવવામાં આવે છે કે આપણી બેન્કની ૪૩ મી વાર્ષિક સાધારણ સભા તા. ૨૪-૦૯-૨૦૧૭ ને રવિવારે સવારે ૯:૦૦ કલાકે બેન્કની હેડ ઓફિસ ખાતેના મકાનમાં, સભાખંડ ત્રીજો માળ, સેક્ટર-૧૬ ગાંધીનગર ખાતે નીચે જણાવેલ કામકાજ સારૂ મળશે. જેમાં સર્વે સભાસદ મિત્રોએ સમયસર હાજરી આપવા વિનંતી છે.

**કાર્યસૂચિ**

૧. તા.૨૫-૦૯-૨૦૧૬ની વાર્ષિક સાધારણ સભાની પ્રોસીડીંગને બહાલી આપવા બાબતે.
૨. તા.૩૧-૩-૨૦૧૭ના રોજ પુરા થતાં વર્ષનું બોર્ડ ઓફ ડિરેક્ટર્સ તરફથી તૈયાર કરેલ અહેવાલ, બેન્કનું ઓડિટ થયેલ સરવૈયુ તથા નફા-ખોટનો હિસાબ અને નફાની વહેંચણી મંજુર કરવા બાબત.
૩. ઓડિટરના રિપોર્ટની નોંધ લેવા બાબત.
૪. સહકારી કાયદાની કલમ-૬૭ (ક) હેઠળ રાહત આપવા બાબતે.
૫. સ્ટેચ્યુટરી ઓડીટર ૨૦૧૬-૧૭ ની નિમણુંકને બહાલી આપવા, વર્ષ ૨૦૧૭-૧૮ માટે સ્ટેચ્યુટરી ઓડીટરની નિમણુંક બાબતે.
૬. સોસાયટી સભ્યપદ રદ કરવા બાબતે.
૭. ચેરમેનશ્રીની મંજુરીથી રજૂ થાય તે કામ બાબતે.

બોર્ડ ઓફ ડિરેક્ટર્સની સૂચનાથી
મનુભાઈ બી. પટેલ
મેનેજીંગ ડિરેક્ટર

તા.૧૧-૦૮-૨૦૧૭

નોંધ - ૧. હિસાબી વિષયક માહિતી અંગેની વિશેષ જાણકારી તા. ૧૫-૦૯-૨૦૧૭ સુધીમાં લેખિત માંગણી કરી બેન્કમાંથી રૂબરૂ માહીતી મેળવી લેવા વિનંતી.
૨. કોરમના અભાવે સભા મુલત્વી રહેશે તો અર્ધા કલાક બાદ મુલત્વી રહેલ સભા તેજ સ્થળે તેજ કામ માટે ફરીથી મળશે જેમાં કોરમની જરૂરિયાત રહેશે નહિ.